# મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ

પ્રશ્નપત્ર-4

ધોરણ : 12 (વર્ષ : 2019-20)

સમય: 3:00 કલાક | વિષય : સામાજિક વિજ્ઞાન (S S) | કુલ ગુણ - 80

---

## વિભાગ-A

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (દરેકનો 1 ગુણ** **[16]**

**યોગ્ય જોડકાં જોડો**

| A | B |
|---|---|
| (1) વિરમગામ | [A] સુરત |
| (2) જરીકામ | [B] ધોળકા |
| (3) લોથલ | [C] રાજકોટ |
| | [D] મુનસર તળાવ |

**નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

4. બૌધ્ધ ધર્મનું સાહિત્ય પાલિ ભાષામાં લખાયેલું છે.
5. ઈ.સ.1952માં સ્થપાયેલી મુંબઈ પ્રાકૃતિક ઈતિહાસ સમિતિ સૌથી જૂની સંસ્થા છે.
6. રાષ્ટ્રીય ઉદ્યાનની સ્થાપના રાજ્ય અને કેન્દ્ર સરકારના સંકલનથી થાય છે.

**નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

7. કાવેરી નદી પર કઈ નહેરનું નિર્માણ થયું છે ?
8. વૃષ્ટિ આધારિત કયો સ્રોત ગણાય છે?
9. ભારતમાં કયા પ્રકારના રેશમનું ઉત્પાદન થાય છે?

**નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

10. ...... ઉદ્યોગ જળપ્રદૂષણ ફેલાવતો નથી.
    [રસાયણિક ઉદ્યોગ, કાગળ ઉદ્યોગ, ઈલેક્ટ્રોનિક ઉદ્યોગ]
11. ભારત હવે....... ક્રાંતિ માટે તૈયાર છે.
    [હરિયાળી, માર્ગ, સંચાર]
12. બજાર પધ્ધતિની નિષ્ફળતામાંથી ......... પધ્ધતિનો ઉદ્ભવ થયો.
    [સમાજવાદી, મૂડીવાદી, મિશ્ર અર્થતંત્ર]

**નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

13 પ્રદૂષણ ફેલાતું અટકે તે માટે બળતણ તરીકે શાનો ઉપયોગ થાય છે?
(A) ડીઝલ (B) કેરોસીન (C) પેટ્રોલ (D) પ્રાકૃતિક વાયુ

14 ખેતી પર આધારિત ચીજવસ્તુ પર કયો માર્કો લગાડવામાં આવે છે?
(A) ISI (B) ISO (C) એગમાર્ક (D) BIS

15 કયા વર્ષને મહિલા વર્ષ તરીકે ઉજવવામાં આવેલ છે ?

(A) 2002 (B) 1975 (C) 1990 (D) 2001

16 ભ્રષ્ટાચારની વ્યાખ્યા કોણે આપી છે?

(A) વિશ્વબેંક (B) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

(C) સંયુક્ત રાષ્ટ્ર (D) આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ

## વિભાગ - B

**નીચે દર્શાવેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)** **[20]**

17 સંસ્કૃતિ એટલે શું ? સમજાવો.

**અથવા**

ભારતની પ્રજા આદિસમયથી પર્યાવરણ પ્રેમી રહી છે ?

18 પ્રાચીન ભારતની નાટ્યકલા સમાજજીવનનું પ્રતિબિંબ શાથી ગણાય છે?

19 ગુપ્તયુગને કલાનો સુવર્ણયુગ કહેવાય છે. સમજાવો.

20 તાજમહેલ સ્થાપત્યકલાનો પરિચય આપો.

21 પ્રવાસન સ્થળોની સ્વચ્છતા અને જતન વિશે તમારા મંતવ્ય લખો.

22 વન્યજીવ સંરક્ષણ માટેના ઉપાયો જણાવો.

**અથવા**

અભ્યારણ વિશે ટૂંકનોંધ લખો.

23 જળસંસાધનની જાળવણી માટેના ઉપાયો જણાવો.

24 વૈજ્ઞાનિકોનું સૌથી વધુ ધ્યાન સૌર ઉર્જા પર કેન્દ્રિત થયું છે. વિધાન સમજાવો.

**અથવા**

ખનીજ સંરક્ષણના ઉપાયો જણાવો.

25 પશ્ચિમ બંગાળમાં શણના કાપડનો ઉદ્યોગ કેન્દ્રિત થયો છે. સમજાવો.

**અથવા**

ઈલેક્ટ્રોનિક ઉદ્યોગ વિશે માહિતી આપો:

26 આતંકવાદ એક વૈશ્વિક સમસ્યા છે. સમજાવો.

## વિભાગ - C

**નીચે દર્શાવેલ પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. (દરેકના 3 ગુણ)** **[24]**

27 મોહેં-જો-દડો નગરના નગર આયોજનની સમીક્ષા કરો ?

**અથવા**

જૈનમંદિરો વિશે ટૂંકનોંધ લખો.

28 ભારતની પ્રાચીન વિદ્યાપીઠ નાલંદા વિદ્યાપીઠ વિશે નોંધ લખો.

29 ભૂમિ સંરક્ષણના ઉપાયો જણાવો.

30 મૂડીવાદી પધ્ધતિ અને સમાજવાદી પધ્ધતિ વિશે તફાવત લખો. (ત્રણ મુદ્દાઓ)

**અથવા**

વિકાસશીલ અર્થતંત્રના લક્ષણો વર્ણવો.

31 આર્થિક ઉદારીકરણ એટલે શું ?તેના લાભ અને ગેરલાભ જણાવો.

32 ભાવવધારો આર્થિક વિકાસમાં પોષક પણ છે. અવરોધક પણ છે. સમજાવો.

**અથવા**

ગ્રાહકને બજાવવાની વિવિધ ફરજો જણાવો.

33 ભારતમાં સ્વાસ્થ્ય સુધારણા માટે થયેલી કામગીરી વર્ણવો.

34 લઘુમતીઓના કલ્યાણ અને વિકાસ માટે બંધારણીય જોગવાઈઓનો પરિચય આપો.

## વિભાગ - D

**નીચે દર્શાવેલ પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ લખો. (દરેકના 5 ગુણ)** **[20]**

35 પ્રાચીન ભારતે વિજ્ઞાનના ક્ષેત્રે આપેલો વારસો જણાવો.

**અથવા**

પ્રાચીન ભારતે ગણિતશાસ્ત્રમાં કરેલા વિકાસનો ખ્યાલ આપો.

36 ભારતમાં કૃષિક્ષેત્રે થયેલ ટેકનિકલ સુધારા જણાવો.

37 મનરેગા યોજના વિશે ટૂંકનોંધ લખો.

**અથવા**

બેરોજગારી દૂર કરવાના ઉપાયો જણાવો.

38 નાગરિકોના મૂળભૂત અધિકારો જણાવો.

39 ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલ નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.

(1) ગીર અભ્યારણ

(2) રબર ઉત્પન્ન કરતો પ્રદેશ

(3) કૃત્રિમ કાપડ ઉદ્યોગ કેન્દ્ર-અમૃતસર

(4) દિલ્હી થી કોલકત્તા જતો રેલમાર્ગ એક જંકશન દર્શાવો